ગાંધીનગર સમાચાર


# આજથી જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ

## જિલ્લાના ગ્રામિણ વિસ્તારની ૫૪૯ શાળાઓમાં ૧૨૩૯૨ બાળકોને ધો. ૧માં પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ- ૨૦૧૬ બે તબક્કામાં યોજાશે. જેમાં તા. ૮, ૯ અને ૧૦મી જૂનના રોજ ગ્રામ્ય વિસ્તારમાં યોજાશે. જયારે તા. ૧૫, ૧૬ અને ૧૭મી જૂનના રોજ શહેરી વિસ્તારમાં યોજાશે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દરમ્યાન ગ્રામ્ય અને શહેરી કક્ષા માટે કુલ- ૬૦રૂટ નક્કી કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારની કુલ- ૫૪૯ શાળાઓમાં ૧૨૩૯૨ અને શહેરી વિસ્તારની ૪૪ શાળાઓમાં ૯૮૩ મળી કુલ - ૧૩,૩૭૫ બાળકોને ધોરણ-૧માંપ્રવેશ કરાવવામાં આવશે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કુલ- ૩૬૬ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

આવતીકાલ તા. ૮મી જૂનથી સમગ્ર રાજયમાં જૂન- ૨૦૧૬થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષને ૧૦૦ ટકા નામાંકન વર્ષ તથા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૧૬ ઉજવવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકા અને ગાંધીનગર શહેર સહિત ૭ શહેરી વિસ્તારમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૧૬ની આનંદમય ઉજવણીનું સુચારું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૮ થી ૧૦મી જૂન, ૨૦૧૬ દરમ્યાન આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ ગાંધીનગર તાલુકાની ૧૩૮, કલોલ તાલુકાની ૧૦૯, માણસા તાલુકાની ૯૪ અને દહેગામ તાલુકાની ૨૦૮ શાળાઓમાં યોજાશે. ગ્રામ્ય વિસ્તારમાં યોજાનાર આ કાર્યક્રમ દરમ્યાન ઘોરણ-૧માં ગાંધીનગર તાલુકામાં કુમાર- ૨૩૧૫ અને કન્યા- ૨૦૮૮ મળી કુલ- ૪૪૦૩, કલોલ તાલુકામાં કુમાર- ૧૫૦૭ અને કન્યા- ૧૪૧૯ મળી કુલ- ૨૯૨૬, માણસા તાલુકામાં કુમાર-૯૬૦ અને કન્યા- ૮૨૧ મળી કુલ- ૧૭૮૧ અને દહેગામ તાલુકામાં કુમાર- ૧૬૯૬ અને કન્યા- ૧૫૮૬ મળી કુલ- ૩૨૮૨ ભુલકોઓની પ્રવેશ વિધિ સંપન્ન કરાવવામાં આવશે. જયારે તા. ૧૫ થી ૧૭મી જૂન દરમ્યાન શહેરી વિસ્તારની શાળાઓમાં આ કાર્યક્રમ યોજાશે. જેમાં ગાંધીનગરની ૧૫, કલોલની ૧૧, માણસાની ૫ અને દહેગામ શહેરની ૧૩ શાળાઓમાં આ કાર્યક્રમ યોજાશે. જે દરમ્યાન શહેરી વિસ્તારમાં ઘોરણ-૧માં ગાંધીનગર શહેરમાં કુમાર- ૧૮૬ અને કન્યા ૧૯૨ મળી કુલ- ૩૭૮, કલોલ શહેરમાં કુમાર- ૧૩૮ અને કન્યા ૧૩૬ મળી કુલ- ૨૭૪, માણસા શહેરમાં કુમાર- ૬૫ અને કન્યા ૬૩ મળી કુલ - ૧૨૮ અને દહેગામ શહેરમાં કુમાર- ૧૦૩ અને કન્યા ૧૦૦ મળી કુલ- ૨૦૩ વિદ્યાર્થીઓનો ઉત્સાહભેર મહાનુભાવોના હસ્તે પ્રવેશ સંપન્ન કરાવવાશે.

### હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મેડમ.. અમે તો વેકેશનમાં બહુ નવું નવું શીખ્યા... તમે કાંઇ કર્યું કે નહીં ? કે એવા ને એવા ગયા વર્ષે સોગુયુ મોં રાખીને ભણાવતા હતાં એમ જ આ વર્ષે કરશો...?

## ગરમીમાં સહેજ રાહત

ગાંધીનગર, તા. ૭

છેલ્લા એક અઠવાડિયાથી સતત વધી રહેલુ મહત્તમ તાપમાન આજે સહેજ ઘટ્યુ હતુ. જો કે આખો દિવસ સતત લુ ફુંકાતા નગરજનો હેરાન પરેશાન રહ્યા હતા.

ગાંધીનગરમાં ગરમીમાં પારો છેલ્લા એક અઠવાડિયાથી વધી રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચ્યા બાદ આજે તાપમાન થોડુક ઘટ્યુ હતુ. મહત્તમ તાપમાન આજે ૪૩.૫ ડિ.સે. રહેતા ગરમી સહેજ ઘટી હતી. લઘુત્તમ તાપમાન ૨૯.૨ ડિ.સે. રહ્યુ હતુ.

## બેટી બચાવો... બેટી પઢાવો...

## સ્લોગનને સાર્થક કરવું જોઈએ : મેયર

### સે-૧૨, આંબેડકર હોલ ખાતે મહિલા જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

મહાનગરપાલિકા દ્વારા મહિલા જાગૃતિ શિબિરનું સે-






૧૨, આંબેડકર હોલ ખાતે આયોજન કરાયું હતું. આ મહિલા જાગૃતિ શિબિરમાં મેયર પ્રવિણભાઈએ જણાવ્યું હતું કે બેટી બચાવો... બેટી પઢાવો...આ સ્લોગનને સાર્થક કરવું જોઈએ. આજના યુગમાં સમાજમાં સ્ત્રી ભ્રૂણ હત્યા થઈ રહી છે તેને રોકવી તથા સ્ત્રી ભ્રૂણ હત્યા ન થાય તેના કાયદાને માન આપવાની તાતી અનિવાર્યતા છે. બેટી ભણાવોના અભિગમને વેગ આપી સાક્ષરતા થકી મહિલાઓમાં જાગૃતિ લાવવા જણાવ્યું હતું. આ ઉપરાંત પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગતીશિલ ગુજરાતના મહિલાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશકિતકરણની પ્રાધાન્ય આપતી યોજનાઓનું અમલીકરણ કરીને મહિલાને સુરક્ષીત અને સમર્પણ બનાવી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા ૧૨૫ જેટલી મહિલા લક્ષી યોજનાઓ બવાવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ સમારંભમાં ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ મીનાબેન પંડયા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, દેવેન્દ્રસિંહ ચાવડા, મનુભાઈ પટેલ તેમજ છાયાબેન ઉપાધ્યાય, બારૈયા સાહેબ, દિનેશભાઈ બારોટ અને કોર્પોરેટરો પણ હાજર રહ્યા હતા.

## આજથી રાજ્યભરમાં ગ્રામીણ ક્ષેત્રમાં ત્રિદિવસીય કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રોમાં તા. ૮ થી ૧૦ જૂન- ૨૦૧૬ના ત્રણ દિવસો દરમિયાન ૧૪માં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનું નેતૃત્વ કરશે.

શ્રીમતી આનંદીબહેન આવતીકાલે તા. ૮ જૂન બુધવારે સવારે આ મહોત્સવનો પ્રારંભ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાની ભાત પ્રાથમિક શાળામાં ૩૧ દિકરીઓ સહિત ૭૧ પ્રવેશોત્સુક બાળકોનું શાળા નામાંકન કરાવીને કરશે. તેઓ ૨૦ ભૂલકાંઓને આંગણવાડી પ્રવેશ પણ કરાવશે. મુખ્યમંત્રીશ્રી આ ગામની એસ. એલ. પટેલ હાઈસ્કુલમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવનારા ૫૬ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવાના છે.

### ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે રૂપાલ ખાતે પી.એન.જી. ગ્રાહકો માટે પાઈપલાઈન નાખવાની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું છે.

● ગાંધીનગર શહેરમાં વન વિભાગની જમીન પર ઉભા થયેલા દબાણો દૂર કરવા માટેની માંગ ઉઠી છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વારંવાર ટેલિફોન સેવાઓ ઠપ્પ થઈ જતી હોવાની ફરિયાદો કરી સત્તાધીશો કંટાળ્યા છે.

● કોંગ્રેસ અગ્રણી અશ્વિનભાઈ બારોટે ૯મીએ જીઆઈડીસી ખાતેના તેમના પ્લોટ પર નવચંડી યજ્ઞનું આયોજન કર્યું છે.

● ગાંધીનગર જિલ્લા મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રી દિનેશજી ઠાકોરે ૫ થી વધુ આંગણવાડીઓની મુલાકાત લીધી હતી. જેમાં નોંધાયેલા બાળકો કરતાં ઓછા બાળકો તેમજ આર.ઓ. પ્લાન્ટ મુકાયા છે પણ કનેક્શન નહિ હોવાની હકીકતો તેમના ધ્યાને આવી છે.

● જિલ્લાકક્ષાની કચેરીઓ બેસે છે તે સહયોગ સંકુલમાં આવેલી બે લિફ્ટ પૈકી એક લિફ્ટ જ ચાલુ હતી જ્યારે બીજી બંધ પડી છે.

● જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે સોમેસ્ટર પ્રથા રદ કરવાનો વિલંબથી નિર્ણય કરવાના સરકારના વલણની ટીકા કરી છે.


